અપીલ અરજી નં.૧૧૫ તા.૩૧–૭–૦૮

અરજદારઃ શ્રી ચોહાણ નગીનભાઈ પરાગજી
સામાવાળાઃ(૧)ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી
(૨)વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

**હુકમઃ–**

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચોહાણ નગીનભાઈ પરાગજીની તા.૧૯–૩–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૯ સુરત મહાનગરપાલિકાના ખાતા/વિભાગો અને ઝોન રેકર્ડ ચકાસણી ઈન્સ્પેકશન અર્થે કરેલી અરજી બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૧–૭–'૦૮ ની અપીલ અરજી નં.૧૧૫/૦૮–૦૯

શ્રી ચોહાણ નગીનભાઈ પરાગજીની તા.૧૯–૩–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૯ સુરત મહાનગરપાલિકાના ખાતા/વિભાગો અને ઝોન રેકર્ડ ચકાસણી ઈન્સ્પેકશન અર્થે કરેલી અરજી બાબતે મુદ્દા નં.૬ પૈકી ૭૩ એએ વાળી જમીનના બાંધકામની વિગત ચકાસણી અંગે માહિતી તેમજ મુદ્દા નં.૭ વિજીલન્સ કચેરીમાં છેલ્લા ત્રણ વર્ષમાં કોર્પોરેટરો,નાગરીકોની લેખિત/મૌખિક માં ફરીયાદ મુજબ થયેલ કામગીરી રેકર્ડની ચકાસણી વિગતે માહિતી બાબતે પ્રતિભાવ ન મળવાને કારણે એપેલેટ ઓફિસરને તા.૩૧–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો ઈન્કાર તથા વિલંબ/વિસંગતતા હોય તો સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૦૩ તા.૭–૮–૦૮ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તથા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન તરફથી સા.ઝોન/મહેકમ/આ.નં.૧૧ ૩૭ તા.૧૪–૮–૦૮ થી મુળ અરજી તબદીલ અંગેની વિગતો મોકલી આપેલ છે તથા મ.જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી તેઓને મુળ અરજી મળેલ ન હોવાનું જણાવી અપીલ સંદર્ભે નં.ટીડીઓ/૧૯૬૭ તા.૨૧–૮–૦૮ થી માહિતી અંગે વીજીલન્સ ખાતાને તબદીલ કર્યાનું જણાવેલ જયારે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર તરફથી નં.વીઆઈડી/૬૯૪ તા.૧૨–૮–૦૮ થી અત્રેના વિભાગને મોકલેલ માહિતી અનુસાર અરજદારને સમય મર્યાદામાં તેમના પત્ર નં.વીઆઈડી/૧૬ તા.૩–૪–૦૮ થી માહિતી અંગે આંકડાકીય વિગતો મળ્યાનું જણાવતો પત્ર મોકલેલ છે. પરંતુ ચકાસણી માટે કાર્યવાહી કર્યાની કોઈ વિગતો મોકલેલ નથી.

અરજદારે તા.૧૯–૩–૦૮ ની અરજીના અનુસંધાને તા.૩૧–૭–૦૮ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે આરટીઆઈ એકટના કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર ત્રણ માસ અને તેર દિવસ વિલંબિત અપીલ અરજી કરેલ છે. જે પ્રથમદર્શીનીય રીતે ગ્રાહય રાખી શકાય તેમ નથી. અરજદારને સદર અરજી અંગે માંગેલ માહિતી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.વીઆઈડી/૧૬ તા.૩–૪–૦૮ ના રોજ અરજદારને પૂરી પાડયાની નકલ અત્રે રજુ કરેલ છે જેમાં અરજદારને વીજીલન્સ કચેરીમાં આવેલ છેલ્લા ત્રણ વર્ષની આવેલી અરજીઓ અંગેની માહિતી આપવામાં આવેલ છે. અરજદારે મળેલ જવાબના દિન–૩૦ માં અપીલ અરજી કરવાની રહે છે જે તેઓએ કરેલ નથી. જયારે ૭૩ એ અને હાઈરાઈઝ બિલ્ડીંગના દફતર ચકાસણી અંગે તમામ ઝોન કક્ષાએ તબદીલ થયેલ અરજદારની અરજીના અનુસંધાને માહિતી અધૂરી મળતાં કે નહીં મળતાં તે અંગે પણ તેમનો અપીલના નિયત સમયે એક માસમાં કોઈ અપીલ કરેલ નથી અરજદારે અપીલના વિલંબ અંગે કોઈ વાજબીપણું રજુ કરેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારે તા.૧૯–૩ –૦૮ ના રોજ કરેલ અરજીમાં માંગવામાં આવેલ માહિતી અંગે નારાજગી દર્શાવી અઘટિત વિલંબ અંગે વાજબીપણાની અનુપસ્થિતિમાં વિલંબથી કરેલ અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી. અરજદાર ઈચ્છે તો સક્ષમ સત્તાને તે અંગે અલાયદી અરજી કાયદા અને નિયમની જોગવાઈ હેઠળ માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી...જાણ માટે.
(૨) શ્રી ચોહાણ નગીનભાઈ પરાગજી,